# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-06-2025        Day: Friday    Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## અમદાવાદ વિમાન દુર્ઘટના રાહત બચાવ કામગીરી

અમદાવાદમાં વિમાન દુર્ઘટનાગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. મળતી માહિતી મુજબ, **NDRF,** ભારતીય સેના, વાયુસેના, કેન્દ્રીય ઔદ્યોગિક સલામત દળ- **C.I.S.F.,** તટરક્ષક અને સ્થાનિક અગ્નિશમન દળના **500** જેટલા કર્મચારીઓ આખી રાત ઘટનાસ્થળે બચાવ અને રાહત કામગીરી કરી હતી.

એર ઇન્ડિયાના દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં **242** લોકો સવાર હતા. તેમાંથી **241** મુસાફરના મૃત્યુ થયાના અહેવાલ છે. આ દુર્ઘટનાના કારણે દુર્ઘટનાગ્રસ્ત વિસ્તારમાં બી. જે. મેડિકલ કૉલેજના પાંચ જેટલા વિદ્યાર્થીઓના પણ મૃત્યુ થયા છે. મોડી રાતે મળતા અહેવાલ મુજબ **204** મૃતદેહ કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. **દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં કચ્છના પાંચ મુસાફરો સવાર હોવાના અહેવાલ સાંપડ્યા છ. બનાવના સમાચાર ફેલાતા કચ્છથી પટેલ ચોવીસીથી બ્રિટેન, અખાતી દેશો સહિત સંલગ્ન વર્તુળોમાં આઘાતની લાગણી વ્યાપી છે.**

વિમાનનું બ્લેક બૉક્સ મળી આવ્યું છે, જેથી દુર્ઘટના અંગેની તપાસ શરૂ કરાશે. દરમિયાન દુર્ઘટનાના કારણે અમદાવાદ ખાતેનું વિમાનમથક બંધ કરવામાં આવ્યું હતું, જે મોડી સાંજે આંશિક રીતે પ્રાદેશિક ઉડાન શરૂ કરવામાં આવી છે.

**------------------------------------------------------------------------------------------------**

## કેન્દ્રીય ગૃહંત્રી અમિતશાહ, નાગરિક ઉડ્ડયનમંત્રી શ્રી નાયડુ –રાહત બચાવ કામગીરીની સમીક્ષા

દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ રાહત અને બચાવની કામગીરીની સમીક્ષા કરી. શ્રી શાહે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની મુલાકાત લઈ ત્યાંની કામગીરીની માહિતી મેળવી હતી. શ્રી શાહે અમદાવાદમાં ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી જરૂરી ચર્ચા કરી. ત્યારબાદ પત્રકારોને સંબોધતા શ્રી શાહે આ ઘટનામાં જીવ ગુમાવનારા પ્રવાસીઓના દુઃખદ અવસાન અંગે સંવેદના વ્યક્ત કરી. તેમણે કહ્યું, આ સ્થિતિમાં કેન્દ્ર સરકાર રાજ્ય સરકારની પડખે છે. શ્રી શાહે કહ્યું, જે મુસાફરના પરિવારજન ઘટનાસ્થળે પહોંચી ગયા છે. તેમના **D.N.A.** નમૂના લેવાની પ્રક્રિયા ટૂંક સમયમાં પૂરી થઈ જશે. અને જેમના પરિવારજનો વિદેશમાં છે તેમને માહિતી પહોંચાડવામાં આવી છે. તેમના અહીં આવતાં જ **D.N.A.** નમૂના લેવામાં આવશે. રાજ્યની ફૉરેન્સિક સાયન્સ લેબોરેટરી અને નૅશનલ ફૉરેન્સિક સાયન્સીઝ યુનિવર્સિટી મળીને ઓછામાં ઓછા સમયમાં **DNA** પરિક્ષણ પૂર્ણ કરશે. ત્યારબાદ મૃતકોના મૃતદેહ તેમના પરિવારજનોને સોંપવામાં આવશે.

**------------------------------------------------------------------------------------**

## કેન્દ્રીય નાગરિક ઉડ્ડયનમંત્રી – વિમાન દુર્ઘટનાની તપાસ

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું છે કે અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાની તપાસ વિમાન અકસ્માત તપાસ સંસ્થાએ શરૂ કરી દીધી છે. આ તપાસ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન દ્વારા નિર્ધારિત આંતરરાષ્ટ્રીય નિયમો અનુસાર કરવામાં આવશે.

શ્રી નાયડુએ કહ્યું કે સરકાર આ બાબતની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિ બનાવી રહી છે. આ સમિતિમાં વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોનો સમાવેશ થશે. આ સમિતિ ઉડ્ડયન સુરક્ષાને મજબૂત બનાવવા અને ભવિષ્યમાં આવા અકસ્માતોને રોકવા માટેના પગલાં પર વિચાર વિમર્શ કરશે.

**------------------------------------------------------------------------------------**

## વિશ્વભરના નેતાઓએ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો

આ દુર્ઘટના અંગે વિશ્વભરના નેતાઓએ દુઃખ વ્યક્ત કર્યું છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે આ દુર્ઘટનાને ઈતિહાસની સૌથી મોટી દુર્ઘટનાઓમાંથી એક ગણાવી. તેમણે કહ્યું, અમેરિકા ભારતને તમામ પ્રકારની મદદ પહોંચાડવા તૈયાર છે.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું. તેમણે સોશિયલ મીડિયા પર જણાવ્યું, અસરગ્રસ્ત તમામ લોકોના પરિવારજનો પ્રત્યે તેમની સંવેદના છે. રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પૂતિન, ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોં, ઑસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી ઍન્થની અલ્બનીઝ સહિતના વિદેશી નેતાઓએ આ દુર્ઘટના અંગે ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

---

## ટાટા સમૂહ : સહાય

અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટના અંગે ટાટા સમૂહે દુઃખ વ્યક્ત કર્યું. સોશિયલ મીડિયા સંદેશમાં ટાટા સન્સના અધ્યક્ષ એન. ચન્દ્રશેખરને જણાવ્યું, ટાટા સમૂહ આ દુર્ઘટનામાં પોતાનો જીવ ગુમાવનારા દરેક વ્યક્તિના પરિવારને એક કરોડ રૂપિયાની સહાય ચૂકવશે. તેમજ ઈજાગ્રસ્તોનો સારવારનો ખર્ચ પણ ટાટા સમૂહ ઉપાડશે. સાથે જ ટાટા સમૂહ ઈજાગ્રસ્તોને જરૂરી તમામ સંભાળ અને સહાય પૂરી પાડશે.

---

## વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન પાયાના સ્તરે ખેડૂતોની સમસ્યાઓ અને પડકારોને સમજવામાં મદદ કરશે.' સુરતના બારડોલી ખાતે આ અભિયાનના સમાપન પ્રસંગે ખેડૂત સંમેલનને સંબોધતા શ્રી ચૌહાણે ખેતી પુનર્જાગરણ માટે કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી વ્યૂહરચના પણ જણાવી.

શ્રી ચૌહાણે ખેતીમાં ગુજરાતના નેતૃત્વની પ્રશંસા કરી. એરંડા, મગફળી અને જીરામાં વિક્રમજનક ઉત્પાદન જેવા ઉદાહરણનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, ગુજરાત અન્યો માટે એક માપદંડ સ્થાપિત કરી રહ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનથી રાજ્યના ચાર લાખથી વધુ ખેડૂતને લાભ થયો છે. તેમણે વિકસિત ભારતના દ્રષ્ટિકોણને પ્રાપ્ત કરવામાં ખેતીની મહત્વની ભૂમિકા પર ભાર આપ્યો.

કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી અને કેન્દ્રીય કૃષિમંત્રીએ પોરબંદરમાં બાગાયત પાક, પેટલાદમાં કેળા અને શાકભાજી તેમજ કચ્છમાં ખેડૂતો માટે એક પ્રાથમિક પ્રક્રિયા કેન્દ્ર અને 14 પાકના વખાર સહિત અનેક ઉત્કૃષ્ટતા કેન્દ્રનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું.

---